
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૩ ટકા



# આજથી અધિક શ્રાવણ માસ

## અધિક શ્રાવણને પગલે બે મહિના સુધી મંદિરોમાં ધાર્મિક અનુષ્ઠાન, પૂજા-અર્ચના, વિવિધ પ્રકારના કાર્યક્રમોની વણઝાર જોવા મળશે

ગાંધીનગર, તા.૧૭

હિન્દુ સમુદાયમાં ભારે મહાત્મ્ય ધરાવતા અધિક-પુરુષોત્તમ માસનો આગામી ૧૮ જુલાઈના મંગળવારથી આરંભ થશે. આ વર્ષે અધિક શ્રાવણને પગલે બે મહિના સુધી મંદિરોમાં ધાર્મિક અનુષ્ઠાન, પૂજા-અર્ચના, વિવિધ પ્રકારના કાર્યક્રમોની વણઝાર જોવા મળશે.

૧૮ જુલાઈથી ૧૬ ઓગસ્ટ સુધી અધિક માસને કારણે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ ભગવાનની પૂજા-અર્ચના અને પછી ૧૭ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી શ્રાવણ માસ હોય શિવ આરાધનાનો મહિમા જોવા મળશે. અધિક-પુરુષોત્તમ માસ વેળાએ રુદ્રવ્રત, નીલવ્રત, પ્રીતિવ્રત સહિતના વિવિધ વ્રત અને દાન-સેવાકાર્ય ફળદાયી માનવામાં આવે છે.

આ વર્ષે અધિક માસ માટે અદ્ભૂત સંયોગ રચાઈ રહ્યો છે. દર ત્રણ વર્ષે આવતો અધિકમાસ આ વર્ષે ૧૯ વર્ષ બાદ શ્રાવણ માસમાં આવ્યો છે. તેની પહેલા ૨૦૦૪માં શ્રાવણ માસમાં અધિક માસ આવ્યો હતો. ગત વર્ષે રક્ષાબંધન ૧૧ ઓગસ્ટે હતી પરંતુ આ વર્ષે આ પર્વ ૩૦ ઓગસ્ટે છે એટલે કે આ વખતે પૂરા ૧૯ દિવસનું અંતર છે. આવું જ અંતર તે પછી આવતા તહેવારો જેવા કે જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ, શ્રાદ્ધ પક્ષ, નવરાત્રી, દશેરા અને દિવાળીમાં પણ જોવા મળશે. આ તમામ તહેવારોમાં લગભગ આટલું જ અંતર આવશે.

### શું છે અધિક માસઃ

ભારતમાં બે પ્રકારના કેલેન્ડર ચાલે છે. એક સૂર્ય ગણનાના આધારે જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ૧૨ મહિના હોય છે અને બીજુ ચંદ્ર ગણના અનુસાર જેમાં ચૈત્રથી ફાગણ સુધીના ૧૨ મહિના હોય છે. આપણે તેમાં પંચાંગ જોઈએ છીએ. વ્રત-તહેવાર ચંદ્રમાસની ગણતરી અનુસાર ઉજવવામાં આવે છે, જેમાં ચૈત્રથી ફાગણ સુધીના ૧૨ મહિના હોય છે. સૂર્ય ગણનાથી વર્ષના ૩૬૫ દિવસ હોય છે, જ્યારે ચંદ્ર ગણનાથી વર્ષના ૩૫૪ દિવસ હોય છે. આ રીતે દર વર્ષે સૂર્ય તથા ચંદ્ર ગણનાથી ૧૧ દિવસનું અંતર થઈ જાય છે. આ અંતર ત્રણ વર્ષમાં ૩૩ દિવસનું થઈ જાય છે ત્યારે અધિક માસ બને છે.

### અધિક માસમાં કેટલાક વિશેષ કામ કરવાનું ટાળોઃ

અધિકમાસમાં નામકરણ, યજ્ઞોપવીત સંસ્કાર, વિવાહ, ગૃહ પ્રવેશ, સગાઈ, કર્ણવેધ, મુંડન જેવા માંગલિક કાર્ય ન કરવા જોઈએ. અધિકમાસમાં શુભ અને માંગલિક કાર્યો કરવાથી ભૌતિક અને ભાવનાત્મક સુખોમાં ઘટાડો થાય છે.

## જન્મદિને વધામણી



રીટાબેન ચૌહાણ
મો. ૯૫૩૭૫ ૭૯૮૩૪



આરવ
મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪



અનોખી
દુષ્યંત દવે

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર ભાવેશકુમાર દશરથજી ઉ.વ.૨૦, ઉવારસદ
- સ્વ.વસાવા મનસુખ લાલજીભાઈ ઉ.વ.૬૭, લેકાવાડા

## યોગ,વૈદિક યજ્ઞ ,પર્જન્ય યજ્ઞ અને વૃક્ષારોપણનો અદભુત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર, માનસ યોગ સેવા ટ્રસ્ટ ગાંધીનગર અને વેસ્ટર્ન એગ્રો સીડ્સના સંયુક્ત ઉપક્રમે નેચર ફર્સ્ટ ફાર્મ હાઉસ ઉપર યોગ, વૈદિક યજ્ઞ અને વૃક્ષારોપણનો અદભુત કાર્યક્રમ યોજાયો હતો. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગરના અધ્યક્ષ યોગાચાર્ય ડો.કાનજીભાઈ બાવરી, એન.પી. પટેલ દ્વારા આ સુંદર કાર્યક્રમનુ આયોજન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆત યોગ અભ્યાસ અને મેડીટેશન દ્વારા કરવામાં આવી હતી. આ સાથે નેચર ફર્સ્ટ ફાર્મના અત્યંત પ્રાકૃતિક વાતાવરણમાં સુંદર ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન, સીતાબેન અને એમની ટીમ દ્વારા વૈદિક યજ્ઞ કરવામાં આવ્યો. નેચર ફર્સ્ટ ફાર્મના એન. પી. પટેલ તથા નેચર ટ્રસ્ટના તમામ અગ્રીમ કાર્યકર્તાઓ અને આર.એસ.એસના તમામ કાર્યકર્તાઓ દ્વારા આદરણીય ગુરુજીને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા નેચર ફર્સ્ટ ની



સમગ્ર ટીમ કે જે પ્લાસ્ટિક મુક્તિ અભિયાન અને વૃક્ષારોપણ જેવા અદભુત સેવાકીય કાર્ય કરી રહી છે તેમનું વૈદિક હવનની કીટ આપીને પ્રોત્સાહન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પતંજલિ યોગ સમિતિના કાર્યકર્તાઓનું પણ વૈદિક હવન કીટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સર્વે ભાઈઓ તથા બહેનોએ હળવા નાસ્તાનો આનંદ માણ્યો અને સ્વિમિંગ પૂલમાં સમૂહ સ્નાન તેમજ સંગીત ખુરશી અને ગરબાના તાલે ઝૂમી અદભુત પ્રાકૃતિક વાતાવરણમાં હર્ષ ઉલ્લાસ સાથે કાર્યક્રમ ઉજવાયો હતો. આ ઉપરાંત પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, નેચર ફર્સ્ટ ટ્રસ્ટ, રોટરી કલબ ગાંધીનગર જેવી સંસ્થાઓના સમન્વયથી અદભુત વૃક્ષારોપણનો પણ કાર્યક્રમ ઉજવાયો હતો.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓને આવકારવા ''પ્રારંભ'' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ) કોલેજમાં સતત ૨૫મી બેચમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કાર્યક્રમનું આયોજન થયુ હતું. જેમાં કોલેજ વિદ્યાર્થીઓને મેનેજમેન્ટની સાથે સાથે દરેક ક્ષેત્રમાં તૈયાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ તેમનામાં રહેલી આંતરિક શક્તિને ખીલવવા તેમજ તેનો ઉપયોગ તેમના વ્યવસાયિક તેમજ સામાજિક જીવનમાં સફળ બનવા ઉપયોગ કરી શકાય. તે બાબતે કોલેજ તરફથી સતત તાલીમ આપવા માટે યોગ્ય રીતે પ્રયત્ન કરવામાં આવે છે. કોલેજના આચાર્ય ડો.રમાકાંતપૃષ્ટિ દ્વારા કાર્યક્રમની સફળતા માટે સંદેશ પાઠવ્યો હતો તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સફળતા મેળવવા યોગ્ય આયોજન થી આગળ વધવા ઈજન પૂરું પાડતું વક્તવ્ય આપ્યું હતું. કોલેજ તરફથી ડો.નીરવ જોશી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આજના આ



કાર્યક્રમની તૈયારી માટે છેલ્લા એક સપ્તાહથી વિદ્યાર્થીઓ દ્વારા પ્રેક્ટીસ શરુ કરી દેવામાં આવી હતી. સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને ફક્ત નાચ-ગાન તેમજ આનંદ-પ્રમોદ મળે તેવી બાબતોને પ્રાધાન્ય ન આપતા વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ થાય તેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વિતીય અને તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર રજુઆતો તેમના પ્રથમ વર્ષનાં મિત્રોનાં સ્વાગત માટે કરવામાં આવી હતી. કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ ધમાકેદાર રજુઆતો કરી હતી. જેમાં પ્રથમ વર્ષના કુલ ૩૨ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો કાર્યક્રમના હાર્દ સમી મિસ્ટર મિસ્ટર પ્રારંભ તેમજ મિસ પ્રારંભની સ્પર્ધામાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વિધ્યાર્થો દ્વારા કરવામાં આવેલ વિવિધ રજૂઆતમાં ડાન્સિંગ, સિંગિંગ, એક્ટિંગ, એક્કરીંગ, મ્યુઝીકલ ઈન્સટુમેંટ, પેઈન્ટીંગ તેમજ વેરાઈટીમાં વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનતથી સુંદર કલાનાં દર્શન શ્રોતાઓને કરાવ્યા હતા. પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ''મી.પ્રારંભ'' તેમજ ''મિસ.પ્રારંભ'' તરીકે પ્રથમ વર્ષનાં કું.નંદિની રાણા તેમજ શ્રી સાહિલ જોશીને પ્રથમ વર્ષ માંથી મિસ પ્રારંભ તેમજ મી પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.આજના કાર્યક્રમમાં કોલેજના ૫૮૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે હાર્દીકા શુક્લા તેમજ પ્રો.રાકેશ ભટનાગર દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી.



હર હર મહાદેવ....ધોળેશ્વર મહાદેવને સોમવતી અમાસના દિવસે ફૂલોનો સુંદર કરવામાં આવ્યો હતો. સવારથી જ દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી અને ભક્તોએ મહાદેવના દર્શન કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## એસ. વી. શાળામાં ઉજવાયો 'કાર્ટૂન ડે'



ગાંધીનગર, તા.૧૭

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'કાર્ટૂન ડે' ઉજવવામાં આવ્યો હતો. શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે. જી. ના બાળકો ટોમ એન્ડ જેરી, ડોરેમોન, છોટા ભીમ, મોટું-પતલું, અપ્પુ, મિકી માઉસ, મીની માઉસ, છૂટકી વગેરે અનેક પ્રકારના કાર્ટૂનના વસ્ત્રો પરિધાન કરી, શાળાએ આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને કાર્ટૂન આધારિત વિવિધ ગીતો ઉપર મસ્તીભર્યા ડાન્સ કરાવ્યા હતા. બાળકોએ ડાન્સની સાથે-સાથે હર્ષની ચિચિયારીઓથી શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું. બાળકોને પ્રોજેક્ટરની મદદથી 'ટોમ એન્ડ જેરી' ફિલ્મ બતાવવામાં આવી હતી, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. વાલીમિત્રોએ બાળકો સાથે કાર્ટૂનના સ્ટિકર, ચાર્ટ અને માસ્ક મોકલી ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો.

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા.૧૭

શ્રીજે.એમ ચૌધરી કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી હસમુખભાઈ ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા બહેનો ના માર્ગદર્શન હેઠળ શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં વર્ગમાં ચૂંટાયેલા તમામ મંત્રીઓએ શાળા પંચાયતમાં ઉમેદવારી નોંધાવી તમામ મંત્રીઓની વોટ આપી પોતાના પસંદગીના મંત્રીને ચૂંટ્યા હતા. વ્યાયામ શિક્ષકો દ્વારા ચૂંટાયેલ વિદ્યાર્થીઓને ચૂંટણી પદ્ધતિ વિશે માહિતી આપવામાં આવી તેમજ વિદ્યાર્થીઓએ પણ પોતે આખું વર્ષ જવાબદારી સારી રીતે નિભાવશે એવી પ્રતિજ્ઞા લીધી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ૨૪મી સપ્ટેમ્બરે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪-૯-૨૦૨૩ને રવિવારના રોજ સમગ્ર ગુજરાતના સમસ્ત બ્રહ્મસમાજના યુવક યુવતીઓ માટે જીવનસાથી સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યુ છે. દરેક જગ્યાએ યોજવામાં આવતા જીવનસાથી સંમેલન કરતાં કંઈક અલગ અને અનેરૂ આ સંમેલન યોજવામાં આવશે. જેમાં યુવક યુવતીના બાયોડેટાની સંપૂર્ણ ચકાસણી અને ખરાઈ સમાજ દ્વારા કરવામાં આવશે અને તેમની ઉંમર, અભ્યાસ, નોકરી, રહેઠાણ, વતન વગેરે જોઈ તપાસી જે યુવક-યુવતી સાથે બંધ બેસતા હશે તે પ્રમાણે સંસ્થા દ્વારા જ અલગ અલગ કરીને તેમની બેઠક યોજવામાં આવશે અને તે મુજબ આખા દિવસનો કાર્યક્રમ કરવામાં આવશે. આ માટેના ફોર્મ શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર રંગમંચની સામે સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે અને ફોર્મ ભરીને બ્રહ્મભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે તા. ૧૫-૮-૨૦૨૩ સુધીમાં પરત કરવાના રહેશે. વધુ વિગતો અને ઓનલાઈન ફોર્મ મેળવવા માટે સમાજના ખજાનચી નરેન્દ્ર વ્યાસ મો. ૯૮૯૮૦૩૨૬૫૯ ઉપર સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશ દવે અને મહામંત્રી મુકેશ શુકલ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

## મહાનગર ભાજપની ટીફીન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

તા. ૧૬ જુલાઈ, રવિવારે ગાંધીનગર ઉત્તર વિધાનસભા તેમજ ગાંધીનગર મહાનગરની ટીફીન બેઠકનું આયોજન સેક્ટર-૨૮ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, સંગઠનના હોદ્દેદારો, મ્યુ. કાઉન્સિલરો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં સૌએ સાથે રાત્રિ ભોજન લીધુ હતું. આ ટીફીન બેઠકમાં આગામી કાર્યક્રમોના અનુસંધાને ચર્ચા કરાઈ હતી.



## એમ.બી.પટેલ સ્કૂલમાં માસ્ક બનાવી રંગ પૂરવાની પ્રવૃતિ



એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા માં ધોરણ - ૩ વિષય- ગણિત ની પ્રવૃતિ અંતર્ગત કાગળમાંથી બિલાડીનું મોંઢું બનાવી રંગ પૂરવાની પ્રવૃતિમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષક શ્રી લતાબેન હિનલબેન, પ્રજ્ઞાબેનને આયોજન કર્યું હતું. સુપરવાઈઝર સંગીતાબેને માર્ગદર્શન આપ્યું હતું.